# જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## લોકપ્રશ્નોનો સમયમર્યાદામાં સકારાત્મક ઉકેલ લાવવા કલેક્ટરની અધિકારીઓને તાકીદ





જામનગર : જામનગર કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્યો રાઘવજીભાઈ પટેલ, મેઘજીભાઈ ચાવડા અને હેમંતભાઈ ખવા દ્વારા રજૂ કરાયેલા લોકપ્રશ્નો અને રજૂઆતોને ગંભીરતાથી ધ્યાને લઈ કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને આયોજનબદ્ધ કામગીરી કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યોના અગાઉના પડતર પ્રશ્નો ઉપરાંત વિવિધ વિભાગોને લગતા નવા પ્રશ્નો પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આરોગ્ય કેન્દ્ર તથા આંગણવાડીના કામો, સનદના પ્રશ્નો, કોઝવે અને નવા પુલ બનાવવા, ઘરથાળના પ્લોટ ફાળવવા, અન્ડર ગ્રાઉન્ડ બ્રિજ નીચે રસ્તો ખુલ્લો કરવા, પી.એચ.સી. સેન્ટરમાં એમ્બ્યુલન્સ ફાળવણી સહિતના પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી.

વિશેષમાં, ખેડૂતો અને ગ્રામ્ય પ્રજાને સ્પર્શતા વીજ પ્રશ્નો જેવા કે ગામતળથી દૂર વિજ લાઇન નાખવી, ટી.સી. બદલવા, નવા સબ સ્ટેશન બનાવવા, પવનચક્કી તથા વીજ લાઇનના પ્રશ્નો, વીજ પાવર નિયમિત કરવો અને ઔદ્યોગિક ઝોન તથા જે.જી.વાય. ફીડર અલગ કરવા બાબતે વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. જમીન સંપાદનનું વળતર, ગૌચર અને સરકારી ખરાબામાંથી દબાણો દૂર કરવા, ફોરેસ્ટ જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ અને પ્રમોલગેશન બાદની ક્ષતિઓ સુધારવા જેવી મહેસૂલી બાબતો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત બેઠકમાં પીવાના પાણીની નવી પાઈપલાઈન નાખવી, ચેકડેમ અને કેનાલના ગેઈટનું રિપેરિંગ અને જાડા હેઠળના નવા ગામોમાં વિકાસ કામો તથા ટી.પી. સ્કીમના પ્લોટની હરાજી જેવા મુદ્દાઓ અંગે ચર્ચા કરાઈ હતી. કલેક્ટરએ સંકલન સમિતિના સભ્યોને સૂચના આપતા જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ તરફથી આવેલી રજૂઆતોને અગ્રતા આપી તેનો હકારાત્મક ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. તેમણે તમામ કામો ઝડપથી અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિકુમાર સૈની સહિત વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શેરબજારનું ટ્રેડિંગ કરતાં શખ્સ ને ચેક પરત ફરવાના કેસમાં બે વર્ષની જેલ સજા

જામનગર : જામનગરમાં અંબર ટોકીઝ રોડ ઉપર નીઓ સ્ક્વેર નામની બિલ્ડીંગમાં ઓમ ટ્રેડિંગના નામથી શેર બજાર નું ટ્રેડિંગ કરતાં હિરેન મહેન્દ્રભાઈ ધબ્બાએ પોતાના ધંધામાં નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં તેમના પાડોશી મિત્ર વિકી મનજીભાઈ વાણિયા પાસેથી કટકે-કટકે કુલ રૂપિયા વીરા લાખ સબંધ દાવે હાથ ઉછીના લીધા હતા . જે રકમ ની પરત ચુકવણી કરવા હિરેન ધબ્બા એ અલગ-અલગ બેંકના અલગ-અલગ તારીખના કુલ ૬ ચેક આપ્યા હતા.

જે ચેકો વિકી વાણિયા એ પોતાના બેંક ખાતામાં ભરતા તમામ ચેકો બાઉન્સ થયેલ જેથી વિકી વાણિયાએ પોતાના વકીલ મારફત જામનગર ચીફ જ્યુડિ.મેજી.ની કોર્ટમાં ચેક પરત ફરવા અંગે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ હેઠળની કુલ છ ફરીયાદો દાખલ કરી હતી. જે ફરીયાદોમાં એડી. ચીફ જ્યુડિ. મેજી. લાલવાણીની કોર્ટમાં ચાલી જતાં બંને પક્ષે થયેલ વિસ્તૃત દલીલ, તથા ફરીયાદીએ રજૂ કરેલ મૌખિક દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ કોર્ટે આરોપી હિરેન મહેન્દ્રભાઈ ધબ્બા વિરુદ્ધ તમામ ૬ કેસ પુરવાર માની દરેક કેસમાં બે વર્ષની સજા તથા ચેકની રકમનો દંડ કરી ચેકની રકમ ફરીયાદીને વળતર સ્વરૂપે ચૂકવી આપવા હુકમ કરેલ છે. ફરીયાદી તરફે વકીલ તરીકે અશોક એસ. ગાંધી રોકાયા હતા.

# જામનગરમાં નિર્માણ થનાર સિક્સલેન માર્ગની સુવિધાઓ જાહેર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ઓશવાળ સેન્ટર (પાયલોટ બંગલો)થી દિગજામ સર્કલ સુધીના ખોડીયાર કોલોનીના અતિ ગીચ માર્ગ પર ટ્રાફિક હળવો કરવાના ભાગરૂપે સ્ટેન્ડિંગ કમિટીમાં સીક્સ લેનનો નવો રોડ બનાવવાનો નિર્ણય લેવાયા બાદ તંત્ર હરકતમાં આવી ગયું છે અને આ સ્થળે આશરે ૧૫ કરોડના ખર્ચે બનનારા સિક્સ લેન માર્ગની સુવિધાઓ અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે, અને ટૂંક સમયમાં જ આ રોડનું કાર્ય શરૂ કરવામાં આવશે.

જામનગરમાં પાયલોટ બંગલાથી દિગ્જામ સર્કલ સુધી હૈયાત ફોરલેન રોડની પહોળાઈ બંને સાઈડ ૭.૫૦ મીટરથી વધારી બંને સાઈડ ૧૧.૫૦ મીટરની થશે. જેથી સમગ્ર પરિવહનમાં ભારે વાહન વ્યવહાર, મધ્ય અને નાના ટુ-વ્હીલર વાહનોને તેની ડેડીકેટેડ લેન મળશે. ચાલીને જતા રાહદારીઓની સલામતી તથા ડેડીકેટેડ પાથ-વે માટે બંને સાઈડ અલગથી ફૂટપાથની જોગવાઈ કરવામાં આવી છે. ભવિષ્યમાં નવા બનાવેલ રોડમાં પાઈપલાઈન, કેબલ, ગેસ જેવી અન્ડરગ્રાઉન્ડ યુટીલીટી માટે બંને સાઈડ અલગ થી યુટીલીટી ડકટ (આર.સી.સી.) નુ આયોજન કરેલ છે. જેથી રોડને થતું વારંવારનું નુકશાન અટકી શકે. વરસાદી પાણીના નિકાલ માટે બંને સાઈડ સ્ટોર્મ વોટર ડ્રેઈનેજ સીસ્ટમની જોગવાઈ કરવામાં આવી છે.

આમ, સિક્સલેન રોડમાં જે સુવિધાઓ કરવામાં આવનાર છે તેમાં મેઈન કેરેજ-વે ૧૧.૫૦ મીટર બંને સાઈડ, સેન્ટ્રલ લાઈટીંગ ડિવાઈડર-એક મીટર પહોળાઈ, યુટીલીટી ડકટ - ૧.૫૦ મીટર બંને સાઈડ ફૂટપાથ (રાહદારીઓ માટે) - ૧.૫૦ મીટર બંને સાઈડ (યુટીલીટી ડકટ ઉપર) , સર્વિસ રોડ/પાર્કિંગ - ૪.૫૦ મીટર બંને બાજુ, આઈલેન્ડ ડેવલોપમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ., રોડ માર્કિંગ, સાઈનેજીસ તથા રોડ ફર્નીચર અને સેન્ટ્રલ લાઈટીગનો સમાવેશ થાય છે.

મનપાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઉપરોક્ત માર્ગનું નિરીક્ષણ કરાયા બાદ તુરત જ કાર્યવાહી હાથ ધરવામાં આવશે, અને નજીકના ભવિષ્યમાજ આ સિક્સલેન માર્ગનું કાર્ય શરૂ કરી દેવામાં આવશે, આશરે એકથી દોઢ વર્ષ બાદ ઉપરોક્ત રોડનું કાર્ય પૂર્ણ થઈ જશે, અને જામનગરની જનતાને ટ્રાફિકમાં હળવાશ થશે, તેવો આશાવાદ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

# વોર્ડ નંબર ૬માં ૨૦૦થી વધુ રહીશોના મકાનો દૂર કરવાની નોટીસ સામે આવેદન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૬માં રેલવે ટ્રેક નજીકના આવેલા વિસ્તારોના ૨૦૦ થી વધુ રહીશોને તેઓના મકાનો દુર કરવા રેલ વિભાગે નોટીસો આપતાં ૨૦૨૨થી ચાલતો વિવાદ પુનઃ જાગ્યો હતો અને લોકોએ કલેક્ટર કચેરી ખાતે આવીને તંત્રને આવેદન આપીને રાજ્ય સરકારની ઝુંપડપટ્ટી પુનર્વસન યોજના ચાલુ ન થાય ત્યાં સુધી ગરીબોના ઘર ન હટે તે જોવા રજુઆત કરી હતી. શહેરના સિધ્ધાર્થનગર, બાવરીવાસ, ગતપતનગર, હુનમાન ટેકરી, જોગણીનગર વિસ્તારના નાગરિકોને રેલ તંત્ર દ્વારા જે તે સમયે મકાનો દુર કરવાની નોટીસ આપવામાં આવી હતી. તેથી યોગ્ય પુનર્વસન માટે લોકોએ હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો હતો અને તેમાં હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૨૨માં સ્ટે ઓર્ડર આપવામાં આવ્યા છતાં તાજેતરમાં રેલ તંત્રએ લોકોને મકાનો હટાવવાની નોટીસો આપતાં વિસ્તારના લોકોએ કલેક્ટર કચેરી ખાતે જઈને હાઈકોર્ટના ઓર્ડરની નકલ તથા રેલ તંત્રએ આપેલી નોટીસ જોડીને જ્યાં સુધી પુનર્વસન યોજના ચાલુ ન થાય ત્યાં સુધી લોકોના રહેણાંકોની યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવે તેવી માંગણી કરી હતી.

# સોડસલા ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટની પૂર્ણાહુતિ




દ્વારકા : પ્રાર્થના ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરમેન ઈશુદાનભાઈ ગઢવી તથા ઈન્ડસ્ટ્રીયલ ફાયર એન્ડ સેફ્ટી મેનેજમેન્ટ એકેડમીના મહેબૂબ જાડેજા દ્વારા સંયુક્ત ઉપક્રમે સોડસલા ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટનો ગઈકાલે ફાઈનલ મેચ ઉત્સાહપૂર્ણ માહોલમાં રમાયો હતો.

યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવા તથા સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા હેતુસર આયોજિત આ ટૂર્નામેન્ટમાં વિવિધ ટીમોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ફાઈનલ મેચના અંતે વિજેતા તેમજ રનર-અપ ટીમોને પ્રાર્થના ફાઉન્ડેશનના પ્રતિનિધિ તરીકે હાજર રહેલા રાજેશ બારોટ , દેવાનંદભાઈ રૂદાચના તથા ઈન્ડસ્ટ્રીયલ ફાયર એન્ડ સેફ્ટી મેનેજમેન્ટ એકેડમીના મહેબૂબ જાડેજા હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો દ્વારા તમામ ખેલાડીઓની રમતભાવના, ટીમવર્ક અને શિસ્તની પ્રશંસા કરવામાં આવી હતી તથા ભવિષ્યમાં આવા વધુ રમતગમતના કાર્યક્રમો યોજવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લાના ૧.૩૯ લાખ ખેડુતોને રૂા. ૩,૪૭૫ કરોડની સહાય ચુકવાઈ

## ૧૪૧૭ ખેડુતોને સહાય ચુકવવા માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

જામનગર : જામનગર જિલ્લામાં ખેડૂતોની માવઠા એ કમર તોડી હતી. વરસાદ અને પવનના કારણે મગફળી. કપાસ, શાકભાજી, સોયાબીન, અળદ સહિતના પાકોને નુકશાની પહોંચી હતી. ઉભા પાકને થયેલી નુકશાની બદલ સરકાર દ્વારા ખેડુતોને રાહત આપવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું.

જેના અનુસનધાને જામનગર જિલ્લામાં ૧.૯૦ લાખ ખેડૂતોને ૩,૪૭૫ કરોડની સહાય ચુકવીને અંદાજે ૯૦ ટકા કામગીરી પુર્ણ કરી છે. જિલ્લામાં હવે માત્ર ૧,૪૧૭ ખેડૂતો સહાયથી વંચિત છે.

જામનગર જિલ્લામાં છેલ્લા બે માસથી ખેડૂતોને સહાયની રકમ ચુકવવાની પ્રક્રિયા ચાલી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧.૩૦,૭૦૩ ખેડૂતોના ખાતામાં સીધી સહાય જમા કરાવવામાં આવી છે. આ તમામ ખેડૂતોને કુલ રૂ.૪૭૫,૩૨,૭૩,૪૭૯ ની સહાય ચુકવાઈ હોવાનું જિલ્લા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. ખેડૂતો ની સહાયની રકમ ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (ડી.આર.ટી.) મારફતે ખેડુતોના ખાતામાં જમા કરાતા ખેડૂતીમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# જામનગર જિલ્લાની ૩૩ ગૌશાળા-પાંજરાપોળ માટે રુપિયા ૧.૯૩ કરોડની સહાય મંજૂર



જામનગર : કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે જિલ્લા કક્ષાની સમિતિની દ્વિતીય ત્રિમાસિક બેઠક યોજવામાં આવી હતી. જેમાં કલેકટર દ્વારા પાત્રતા ધરાવતી સંસ્થાઓની ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આવેલી અરજીઓને ધ્યાને લઈ સહાય માટે મંજૂરી આપવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત જુલાઈ - ૨૫ થી સપ્ટેમ્બર-૨૫ (બીજો હપ્તો વર્ષ ૨૦૨૫-૨૬) ના કુલ ૯૨ દિવસ પ્રમાણે પશુ નિભાવ સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ ઉપર કુલ ૩૪ સંસ્થાઓએ અરજી કરેલ હતી. તે પૈકી જીલ્લા કક્ષાની સમિતિ દ્વારા દૈનિક પશુઓની સંખ્યા ૧૦૦૦ થી ઓછી ધરાવતી કુલ ૩૩ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરવામા આવી છે. આમ, જિલ્લામાંથી કુલ ૩૩ સંસ્થાઓના બીજા તબક્કાના કુલ ૬૯૯૩ પશુઓ માટે પ્રતિ દિન રૂ.૩૦/પશુ લેખે કુલ રૂ.૧,૯૩,૦૦,૬૮૦ ની સહાય મંજૂર કરવામાં આવી અને મંજૂર થયેલ અરજીઓને ચુકવણા માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લ, ઘનિષ્ટ પશુસુધારણા યોજના સમિતિના જીલ્લા કક્ષાના પ્રતિનિધિઓ અને સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# જામનગરના યુવાને પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી

જામનગર : જામનગરમાં કાલાવડ નાકા બહાર રહેતા એક યુવાનનું બાઈક ચોરી થઈ ગયાની ફરિયાદ તેમણે પોલીસમાં નોંધાવી છે.

જામનગરમાં કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર રહેતા મોહમ્મદ કયુમ ઈકબાલભાઈ વીરપરિયા નામના યુવાને પોતાનું બાઈક જામનગર નજીક ખંભાળિયા બાયપાસ પાસે પાર્કિંગમાં રાખેલું હતું, જ્યાંથી કોઈ તસ્કરો તેનું રૂપિયા ચાલીસ હજાર ની કિંમતનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાયકલ ચોરી કરી લઈ ગયા હોવાથી આ મામલે પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# પીઠડ ગામે જીલ્લા સહકારી બેંકની શાખાની નવનિર્મિત ઈમારતનું ઉદઘાટન

## બેંકના ડાયરેકટર જીવણભાઈ કુંભરવડીયાના હસ્તે બેંકનું અદ્યતન બીલ્ડીંગ ખુલ્લું મુકાયું





જામનગર : પીઠડ ગામમાં ઘણાં વર્ષોથી જીલ્લા સહકારી બેંકની શાખા આવેલી છે. થોડા વર્ષો પહેલાં આ બેંકનું બીહડીંગ જર્જરીત થઈ ગયેલ હતું જેના કારણે બેંકને અન્ય જગ્યાએ ભાડાના મકાનમાં ટ્રાન્સફર કરેલ હતી. હાલમાં જે તે બેંકની માલીકીની જગ્યાએ નવું બીલ્ડીંગ બની જતાં તા. ૬ મંગળવારના રોજ ગ્રાહકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે.

આ પ્રસંગે ઉપસ્થિત બેંકના ડાયરેકટર જીવણભાઈ કુંભરવડીયાએ જણાવેલ કે બેંકની વિશ્વસનીયતા વધી છે અને છેલ્લા સમયમાં ૪૦૦ (ચારસો) કરોડ જેટલી ડીપોઝીટમાં વધારો થયો છે તે બદલે બેંકના સ્ટાફને અભિનંદન આપેલ અને તમામ સ્ટાફ નિષ્ઠાપૂર્વક ફરજો બજાવે અને બેંકમાં આવતા તમામ ગ્રાહકો સાથે સુમેળ રાખીને બેંકીગ કામકાજ કરવા સુચન કર્યું હતું અને બેંકના મેનેજમેન્ટ તરફથી તમામ મંડળીઓ, ચાહકો અને સ્ટાફને પુરતો સહયોગ મળી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

જબેંકના ભવિષ્યના આયોજન ટેકનોલોજી આધારીત નવિનીકરણ ડીજીટલ સેવાઓ અને તેમના કાર્યકાળ દરમ્યાન થયેલ થાપણ વૃધ્ધિ સહિત બેંક દ્વારા થયેલ તમામ સુવિધાઓ અને બેંક વધુને વધુ આર્થિક રીતે મજબુત બને તે અંગેના તેમના અથાગ પ્રયાસો વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર કર્યા હતાં અને પીઠડ શાખાની ડીપોઝીટ વધારવા બદલ શાખાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતાં અને ત્યારબાદ કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલય દ્વારા ચલાવવામાં આવેલ "સહકાર સે સમૃધ્ધિ"ની વિવિધ પહેલો અને સહકાર ક્ષેત્રે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય સહકાર મંત્રી અમીતભાઈ શાહ તથા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, રાજયના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી તથા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પદેશ પ્રમુખ અને પૂર્વ સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના સાંસદ પૂનમબેન માડમ અને ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લી.ના ચેરમેન અજયભાઈ પટેલના સહયોગ દ્વારા વિશે ગ્રામજનો અને સભાસદોને માહિતગાર કરવામાં આવેલ હતાં.

જામનગર જીલ્લા સહકારી બેંકની પીઠડ શાખાની આંકડાકિય વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ શાખામાં ૧૯૦૦ જેટલા ખાતેદારો છે અને થાપણો રૂા.૧૬ કરોડ ૬૨ લાખ જેટલી છે જયારે ધીરાણ ૧૪ કરોડ ૨૫ લાખનું છે. જેમાં ૮૮ ટકા ધીરાણ ન્યુનતમ વ્યાજદર પર બેંકે આપ્યું છે. આ શાખાનો ગત વર્ષનો નફો રૂા.અઢી કરોડ જેટલો હતો અને બેંકની તમામ સેવાઓ છેવાડાના ગામઠાના ખેડુત સભાસદોને મળી રહે તે માટે બેંક દ્વારા ૪૦૦ જેટલા માઈકી એ.ટી.એમ.પણ આપવામાં આવેલ છે જેથી સભાસદોને બેંક સુધી આવવું ના પડે અને તમામ બેંકીગ સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.

આ તકે બેંકના મેનેજીંગ ડાયરેક્ટર ધરમશીભાઈ ચનીયારા, પીઠડ ગ્રામ પંચાયતના સરપંચ મનસુખભાઈ હોથી, પીઠડ મંડળીના પ્રમુખ મોમૈયાજી જાડેજા, ગજડી મંડળીના પ્રમુખ વિનુભાઈ ડાંગર, બોડકા મંડળીના પ્રમુખ મોહનભાઈ પાંચાભાઈ, જમીન વિકાસ બેન્કના ડાયરેક્ટર દિશુભા જાડેજા, જોડીયા તાલુકાના ભાજપના પૂર્વ પ્રમુખ ભરતભાઈ દલસાણીયા તેમજ અથણીઓ જેઠાભાઈ અવેરા, દામજીભાઈ ચનીયારા, ખુમાનસિંહ જાડેજા, કેશવજીભાઈ ચનીયારા તથા ઘોલના અચણી ધારાશાસ્ત્રી ભાવિનભાઈ અનડકટ, પીઠડ શાખાના બેંકના મેનેજર વિહારીભાઈ કાસુન્દ્રા તથા બેંકના ઓફીસરઓ, કર્મચારીઓ, જોડિયા તાલુકાના સહકારી આગેવાની સહિત મંડળીના પ્રમુખો-મંત્રીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રસેલ અને કાર્યક્રમની આભાર વિધિ બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો.મૌનિલ હાથીએ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન બેંકના જનરલ મેનેજર અલ્પેશ મોલિયા દ્વારા કરાયેલ હતું.

# અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી મોઢવણિક સ્વ. નટવરલાલ છબીલદાસ મહેતા (ઉ. ૯૩), તે સ્વ. વીણાબેન ના પતિ તે કીર્તિ, પ્રતિમા, બિમલ અને વીરેન ના પિતાશ્રી , તનીશ, મીત ના દાદા આજરોજ તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૬ સોમવારના રોજ અવસાન પામેલ છે. સદગતનું ઉઠમણું તા. ૨૨/૧/૨૦૨૬, ગુરુવારે સાંજે ૫ થી ૫.૩૦ પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનોનું સાથે રાખેલ છે.

**જામનગર :** પીંકીબેન વાછાણી તે ડો. નારાયણ એસ. વાછાણીના પત્નિ તથા નિખીલ વાછાણી, ડો. ક્રિષ્ના વાછાણીના માતાનું તા. ૧૯ના અવસાન થયું છે. સદ્ગતનું પગડીયુ/ઉઠમણું તા. ૨૧ને બુધવારે સાંજે ૫ વાગ્યે ભાઈઓ-બહેનો માટે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

**જામનગર :** જામનગર નિવાસી વિનોદરાય બાબુલાલ મારૂ (ઉ.વ.૭૫) તે જયોત્સનાબેનના પતિ તથા સ્વ.રજનીકાંત બાબુલાલ મારૂના નાનાભાઈ તથા સ્વ.શંભુભાઈ રાઠોડના જમાઈ તથો પ્રતિક, મનીષાના પિતાનું તા. ૨૦ને મંગળવારના રોજ અવસાન થયેલ છે સદગતનું ઉઠમણું તા.૨૨ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૪:૩૦ કલાકે રામેશ્વર નગર, રામેશ્વર મંદિર, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.